LIG - ઓછી આવક ધરાવતાં વર્ગના લોકો

## પ્રધાનમંત્રી

# આવાસ યોજના (શહેરી)

PHASE - II

## ફોર્મ અને માહિતી પત્રિકા







અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

સરદાર પટેલ ભવન, દાણાપીઠ, અમદાવાદ-૧

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

## પ્રધાનમંત્રી આવાસ યોજના

PHASE – II

ઓછી આવક ધરાવતા વર્ગના લોકો (LIG - LOWER INCOME GROUP) માટે LIG PHASE 2 આવાસ યોજના

| અનું | જગ્યાનું નામ | આવાસોની સંખ્યા | માળની વિગત | યોજના નો કોડ |
|---|---|---|---|---|
| ૧ | ટી.પી.૪૧, સોલા એફ.પી. ૧૫૭, કેનાલ પાસે, જી.ડી. પાર્ટી પ્લોટની નજીક, ,સાયન્સ સીટી રોડ, અમદાવાદ. | ૧૦૬૦ | P+10 | LIG-15 |
| ૨ | ટી.પી.૯૪, શાહવાડી એફ.પી. ૬૨, સ્વર્ણિમનગરની સામે, જી.બી.શાહ કોલેજ રોડ, વાસણા, અમદાવાદ | ૫૦૯ | P+10/ P+11 | LIG-16 |
| 3 | ટી.પી.૪૨ થલતેજ-સોલા, એફ.પી.૨૫૯, ધનશ્રી બંગ્લોઝ પાસે, સોલા, અમદાવાદ | ૮૪ | P+7 | LIG-17 |
| ૪ | ટી.પી. ૩૧+૩૨ ગોતા એફ.પી. ૧૭૬+૬૨, શ્લોક હોમ્સ સામે, ખોડલ ફાર્મ સામે, સત્યમેવ વિસ્ટા રોડા, ગોતા, અમદાવાદ | ૫૧૨ | P+10/ P+11 | LIG-18 |
| ૫ | ટી.પી. ૪૨ સોલા, થલતેજ-સોલા એફ.પી. ૨૭૧, શ્યામ વિલા બંગ્લોઝ પાસે, ડ્રીમ રેસીડેન્સી પાસે, સોલા, અમદાવાદ | ૩૩૬ | P+7 | LIG-19 |
| | કુલ | **૨૫૦૧** | | |

### યોજનાની વિગતો

૧) યોજના અંતર્ગત આવાસો અંદાજે ૪૯.૦૦ થી ૫૦.૦૦ ચો.મી. કારપેટ એરીયા (૫૮.૫૮ - ૫૯.૭૮ ચો.વાર) અને બીલ્ટઅપ ૫૫.૦૦ થી ૬૦.૦૦ ચો.મી. (૬૫.૭૮ થી ૭૧.૭૬ ચો.વાર) ના બાંધકામવાળા થશે.

૨) અંદાજીત ખરેખર થનાર ખર્ચ રૂા.૧૨.૦૦ લાખનો થાય તેમ છે. (જમીન કિંમત વગર) તે મકાનો લાભાર્થીને મળતી તમામ સરકારી (રાજય તેમજ કેન્દ્ર સરકારની) સહાય બાદ કરીને ફાળવવામાં આવશે.

૩) સદર આવાસની ફાળવણી પ્રધાનમંત્રી આવાસ યોજના (PMAY) અંતર્ગત થયેલ હોઈ તે પૈકી PMAY ના ચાર ઘટક જેવા કે AHP (એફોર્ડેબલ હાઉસીંગ પ્રોજેક્ટ),BLC(બેનીફીશીયરી લીડ કન્સ્ટ્રકશન), CLSS(ક્રેડીટ લીન્ક સબ સીડી),ISSR (ઈન સીટુ સ્લમ રીહેબીલીટેશન)માંથી એક જ ઘટકમાં સહાય મળવાપાત્ર છે. ઉપરોકત ચાર ઘટક પૈકી કોઈપણ ઘટકમાં લાભ મેળવેલ હશે તો સદર ફાળવેલ આવાસ અ.મ્યુ.કો. દ્વારા રદ કરવામાં આવશે.

૪) આ આવાસ યોજના ઉપર બેંક કે ફાઈનાન્શીયલ સંસ્થા પાસેથી પ્રધાનમંત્રી આવાસ યોજના (PMAY) અંતર્ગત CLSS(ક્રેડીટ લીન્ક સબ સીડી) ઘટકની સહાયનો લાભ મળવાપાત્ર છે. જેના માટે અરજદારે પોતાની રીતે જાતેજ જે તે બેંક મારફતે કાર્યવાહી કરવાની રહેશે.

૫) મેઈન્ટેનન્સ ડીપોઝીટ પઝેશન વખતે રૂા.૫૦,૦૦૦/- અલગથી ભરવાની રહેશે.

૬) પાયાની તમામ સગવડો જેવી કે પાણી પુરવઠો/ગટરલાઈનની સુવિધા પુરી પાડવામાં આવશે. અ.મ્યુ.કોર્પો.દ્વારા પુરી પાડવામાં આવતી સેવાઓ સિવાયની સુવિધા માટેનો ખર્ચ લાભાર્થીએ ભોગવવાના રહેશે.

૭) આંગણવાડી/આરોગ્ય કેન્દ્ર/તાલીમ કેન્દ્ર(ઉમ્મીદ) બાળકો માટે ક્રિડાંગણ જેવી સુવિધાઓ માપદંડ મુજબ વધારે આવાસો હોય ત્યાં આપવામાં આવશે.

૮) અન્ય કોઇ લીગલ ચાર્જ ભરવાના થાય તો લાભાર્થીએ ભરવાના રહેશે.

૯) દર્શાવેલ પ્લાનીંગ અને બાહ્ય દેખાવ સુચિત છે. જેમાં ટેકનીકલ જરૂરિયાત મુજબ ફેરફાર થવાની શકયતા છે. જે લાભાર્થીને બંધનકર્તા રહેશે.



NEW

# AHMEDABAD MUNICIPAL CORPORATION

## LIG AFFORDABLE HOUSING SCHEME

LIG-15: TP No. 41, FP No. 157, Nr. Canal, Nr. GD Party Plot,
Science City Road, Ahmedabad - 380060








CARPET AREA TABLE

| ROOM | | CARPET AREA |
|---|---|---|
| (01) | LIVING ROOM | 18.75 smt |
| (02) | BED ROOM-1 | 9.42 smt |
| (03) | BED ROOM-2 | 9.80 smt |
| (04) | ATTACHED TOILET | 1.92 smt |
| (05) | KITCHEN | 6.26 smt |
| (06) | COMMON TOILET | 1.83 smt |
| (07) | WASH AREA | 1.89 smt |
| | TOTAL | 49.86 smt |



NEW




**Site Location**



NEW


# AHMEDABAD MUNICIPAL CORPORATION
## LIG AFFORDABLE HOUSING SCHEME

LIG-16: TP No. 94, FP No. 62, Opp. Swarnimnagar, G.B. Shah College Road, Vasna, Ahmedabad - 380007






| CARPET AREA TABLE | |
|---|---|
| ROOM | CARPET AREA (sq.mt.) |
| LIVING ROOM | 19.65 |
| BED ROOM-1 | 11.35 |
| BED ROOM-2 | 6.85 |
| KITCHEN | 5.7 |
| BATH | 2.05 |
| COMMON TOILET | 2.1 |
| WASH AREA | 1.7 |
| TOTAL | 49.4 |





NEW




**Site Location**

# AHMEDABAD MUNICIPAL CORPORATION
## LIG AFFORDABLE HOUSING SCHEME

LIG-17: TP No. 42, FP No. 259, Nr. Dhanashree Bunglow, Science City Road, Sola, Ahmedabad - 380060








| ROOM | CARPET AREA |
|---|---|
| LIVING ROOM | 17.46 SQ.MT. |
| BED ROOM - 1 | 10.41 SQ.MT. |
| BED ROOM - 2 | 9.49 SQ.MT. |
| ATTACHED TOILET | 1.99 SQ.MT. |
| KITCHEN | 5.47 SQ.MT. |
| WASH | 2.52 SQ.MT. |
| COMMON TOILET | 2.16 SQ.MT. |
| TOTAL | 49.50 SQ.MT. |




**Site Location**

# AHMEDABAD MUNICIPAL CORPORATION
## LIG AFFORDABLE HOUSING SCHEME

LIG-18: TP No. 31 & 32, FP No. 176 & 62, Nr. Shlok Homes, Opp. Khodal Farm, Satyamev Vista Road, Gota, Ahmedabad - 382481







## Site Location



NEW

# AHMEDABAD MUNICIPAL CORPORATION
## LIG AFFORDABLE HOUSING SCHEME

LIG-19: TP No. 42, FP No. 271, Nr. Shyamvilla Bunglows,
Nr. Dream Residency, Science City Road, Sola, Ahmedabad - 380060







NEW




## Site Location

# લોન મેળવવા માટે અમદાવાદ મ્યુ.કો. દ્વારા એમ્પેનલ કરેલ બેન્કનું લીસ્ટ

| ક્રમ | બેન્કનું નામ | અધિકારીનું નામ | ફોન નંબર |
|---|---|---|---|
| ૧ | આંધ્રા બેંક | રામારાવ | ૯૪૨૬૩૯૫૬૭૪ |
| ૨ | કોટક મહિન્દ્રા બેંક | હર્ષદ ચૌહાણ | ૮૦૦૦૦૮૭૨૨૮ |
| ૩ | એકસીસ બેંક | અનિરૂધ્ધ શિંદે | ૯૨૨૭૭૭૧૪૨૨ |
| ૪ | કેનેરા બેંક | વિકાસકુમાર | ૯૦૯૯૯૯૩૭૩૭ |
| ૫ | સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડીયા | અશોક પટેલ | ૯૯૯૮૮૧૪૮૯૮ |
| ૬ | ડેવલોપમેન્ટ ક્રેડીટી બેંક | આશીષ સુતરીયા | ૯૮૯૮૩૯૭૫૮૦ |
| ૭ | દિવાન હાઉસીંગ ફાયનાન્સ લી. | તુષાર ઠકકર | ૯૯૦૪૪૫૩૧૦૦ |
| ૮ | ગૃહ ફાયનાન્સ | ગીતા નાયર | ૯૩૭૪૬૫૧૦૧૪ |
| ૯ | હુડકો | વિમલ | ૯૨૨૭૮૮૪૪૨૪ |
| ૧૦ | આઇ.સી.આઇ.સી.આઇ.બેંક | પ્રસાદ કદમ | ૮૧૨૮૯૯૩૭૩૩ |
| ૧૧ | ઇન્ડીયા બુલ્સ | અનુજ | ૯૮૨૫૨૪૩૯૬૨ |
| ૧૨ | મુથુટ | તરલ ઓઝા | ૯૮૨૪૨૦૦૮૪૮ |
| ૧૩ | ઓરીએન્ટલ બેંક ઓફ કોમર્સ | સૌરભસીંઘ | ૯૩૭૭૬૩૫૩૩૨ |
| ૧૪ | રીલાયન્સ હોમ ફાયનાન્સ | આનંદ શાહ | ૯૩૨૭૧૪૫૨૫૨ |
| ૧૫ | સેવા કેન્દ્ર | કેયુરીબેન | ૯૯૭૯૮૪૭૧૯૩ |
| ૧૬ | યસ બેંક | કરન | ૯૯૭૯૮૯૬૦૫૦ |
| ૧૭ | સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા | પંકજ સિન્હા | ૭૬૦૦૦૩૮૦૨૧ |
| ૧૮ | ઇન્ડીયન ઓવરસીસ બેંક | પ્રમોદ ટેમ્બે | ૯૫૩૭૯૫૯૩૫૭ |
| ૧૯ | કાલુપુર કોર્મશીયલ કો.ઓ.બેંક | તુરખીયા | ૭૬૯૮૫૨૬૬૩૯ |
| ૨૦ | સિન્ડીકેટ બેંક | બી. જગદીશાન | ૯૪૨૭૩૧૪૮૨૦ |
| ૨૧ | અમદવાવાદ ડિસ્ટ્રકટ કો.ઓ.બેંક | સુધીર ખત્રી | ૯૮૭૯૬૬૧૬૫૩ |
| ૨૨ | જીઆઇસી બેંક | હર્ષદ | ૯૭૨૭૪૩૪૩૮૯ |
| ૨૩ | ગુજરાત સ્ટેટ કો.ઓ. બેંક | છાયા | ૯૪૨૮૮૨૬૯૬૪ |
| ૨૪ | ઇકવીટાસ ફાયનાન્સ | જયેશ | ૯૯૭૪૧૦૮૩૩૭ |
| ૨૫ | માસ ફાયનાન્સ | પંકજ | ૯૮૨૪૪૬૫૪૬૭ |
| ૨૬ | કેસીસીબી | તુરખીયા | ૭૬૯૮૫૨૬૬૩૯ |
| ૨૭ | સાઉથ ઇન્ડીયન બેંક | ફાલ્ગુન મહેતા | ૯૪૨૬૦૩૨૩૧૫ |
| ૨૮ | માઇક્રો હાઉસીંગ ફાયનાન્સ | અભિષેક ઠક્કર | ૯૦૧૬૧૭૯૨૨૮ |
| ૨૯ | રેલીગેર હાઉસીંગ ફાયનાન્સ | મૌલીક સાંકલા | ૯૭૧૨૯૩૫૧૩૯ |
| ૩૦ | હાઉસીંગ ફસ્ટ ફાયનાન્સ કંપની ઇન્ડીયા | સનપ્રીત છબ્બા | ૯૦૧૬૮૩૪૬૩૬ |
| ૩૧ | એચ.ડી.એફ.સીફ બેંક | અભિષેક તાંબી | ૭૯૬૬૩૦૭૦૦૦ |
| ૩૨ | આઇ.આઇ.એફ. એલ હોમ લોન | કેવલ પટેલ | ૭૯૨૬૪૪૫૦૪૫ |
| ૩૩ | આદીત્ય બીરલા ફાઇનાન્સ | નિખીલ કેલકર | ૭૦૯૬૨૦૦૦૨૭ |
| ૩૪ | શ્રી સ્વાશ્રયી મહિલા નાગરીક ધિરાણ સેવા સ.મં.લી. | નિતલ પટેલ | ૯૩૭૪૪૮૧૩૨૪ |
| ૩૫ | આવાસ ફાઇનાન્સીયર્સ લી. | મેહુબ જૈન | ૮૯૮૦૦૨૧૮૯૮ |
| ૩૬ | મહિન્દ્રા રૂરલ હાઉસીંગ ફાયનાન્સ લીમિટેડ | અક્ષય પટેલ | ૮૮૮૯૯૧૨૮૮૫ |
| ૩૭ | યુકો બેંક | પૂજા ચાંદ | ૭૪૯૦૦૨૯૪૨૭ |



NEW

# અરજી પત્રક મેળવવાના તથા પરત જમા કરાવવાના સ્થળોની યાદી

| અ.નં. | બ્રાન્ચનું નામ | કોટક મહિન્દ્રા બેન્કની શાખાઓ |
|---|---|---|
| ૧ | આશ્રમ રોડ | જી૧, જીર-સી-૧,વિક્રમ ચેમ્બર્સ,આશ્રમરોડ,અમદાવાદ-૯ |
| ૨ | બાપુનગર | એ-૪૩,શક્તિધારા સોસાયટી,બાપુનગર,અમદાવાદ-૨૪ |
| ૩ | બોડકદેવ | પાર્શ્વ ટાવર,એસ.જી.રોડ,બોડકદેવ,અમદાવાદ-૫૪ |
| ૪ | બોપલ | શોપ નં.૨૪,ગ્રાઉન્ડ ફ્લોર,એક્ષીઓમ,બોપલ ક્રોસ રોડ,એસ.પી.રીંગ.રોડ,અમદાવાદ-૫૮ |
| ૫ | સી.જી.રોડ | ગ્રાઉન્ડ ફ્લોર, શોપ નં.૧,૨,૩ પાર્ટ ૪,જનરલ બેંક ચેમ્બર્સ,સી.જી.રોડ,અમદાવાદ-૯ |
| ૬ | ચાંદખેડા | ફસ્ટફ્લોર,શ્યામલ.કોમ્પલેક્ષ,ન્યુ.સી.જી.રોડ,ચાંદખેડા,અમદાવાદ-૩૮૨૪૨૪ |
| ૭ | ચંદ્રનગર,પાલડી | સત્વ,નારાયણનગર રોડ,પાલડી,અમદાવાદ-૩૮૦૦૦૭ |
| ૮ | ચાંગોદર | થોભણસ્મૃતિ,બ્લોક નં.૫૬૫,સરખેજ બાવળા,એનએચ-૮ એ,ચાંગોદર તા.સાણંદ-૩૮૨૨૧૩ |
| ૯ | દર્પણ ક્રોસરોડ | ૧૫૦-૧૫૧-બી ગ્રાઉન્ડ ફ્લોર,કલ્પના કોમ્પ્લેક્ષ,મેમનગર ફાયર સ્ટે.સામે,મેમનગર,અમદાવાદ |
| ૧૦ | ડ્રાઈવઇન રોડ | ગ્રાઉન્ડ ફ્લોર, ઈશ્વર કોમ્પ્લેક્ષ,ગુરુકુળ ટાવરની સામે, ડ્રાઈવઇન રોડ.અમદાવાદ-૫૨ |
| ૧૧ | ઘંટાકર્ણ માર્કેટ | ગ્રાઉન્ડ ફ્લોર,ડી બ્લોક,શ્રી ઘંટાકર્ણ મહાવીર માર્કેટ,ન્યુ ક્લોથ માર્કેટની પાસે,સારંગપુર અમદાવાદ-૨ |
| ૧૨ | જજીસ બંગલો રોડ | પ્રાઇમ પ્લાઝા,સત્યમાર્ગ, જજીસ બંગલો રોડ, બોડકદેવ,અમદાવાદ-૫૪ |
| ૧૩ | મણીનગર | એસ.એન.ટેમ્પલ રોડ, સ્વામી નારાયણ મંદિર રોડ, મણીનગર અમદાવાદ-૮ |
| ૧૪ | મણીનગર | ગ્રાઉન્ડ ફ્લોર, પ્રાઇમ પ્લાઝા,રવજી ભાઇ ટાવરની પાસે, મણીનગર અમદાવાદ-૮ |
| ૧૫ | નારણપુરા | શોપ નં.૯,શિવાલિક યશ,૧૩૨-ફૂટ રીંગ રોડ,અસ્પી મોટર પાસે,નારણપુરા,અમદાવાદ-૧૩ |
| ૧૬ | નરોડા | નીલકંઠ પેરેડાઇઝ, ને.હા-૮, નરોડા,અમદાવાદ |
| ૧૭ | નવરંગપુરા | ગ્રાઉન્ડ ફ્લોર,ચંદન હાઉસ,અભીજીત-૩,મીઠાખળી છ રસ્તા પાસે,નવરંગપુરા.અમદાવાદ-૯ |
| ૧૮ | ઓઢવ | બ્લોક-બી, ૩૯-૪૨, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ,ટોરેન્ટ પાવરસ્ટેશનની સામે,સી.એમ.સી.સામે,સોનીની ચાલ, ઓઢવ.અમદાવાદ-૩૮૨૪૧૫ |
| ૧૯ | પાલડી | સનસ્ટાર હાઉસ,સુવિધા શોપિંગ સેન્ટર સામે,પરિમલ અન્ડરબ્રીજની સામે,પાલડી. અમદાવાદ-૭ |
| ૨૦ | પ્રહલાદનગર | પારસ બંગલોઝ-૨, ઔડા ગાર્ડનની પાસે,પ્રહલાદનગર.અમદાવાદ-૧૫ |
| ૨૧ | પ્રેરણાતીર્થ | શોપ નં.૧-એ, ગ્રાઉન્ડ ફ્લોર,સાયેત-૪ બિલ્ડીંગ,પ્રેરણાતીર્થ દેરાસર રોડ,સેટેલાઇટ.અમદાવાદ-૧૫ |
| ૨૨ | રીલીફરોડ | ગ્રાઉન્ડ ફ્લોર, જીવન આભા બિલ્ડીંગ, એલ આઇ સી બિલ્ડીંગ સામે,રીલીફ રોડ. અમદાવાદ-૧ |
| ૨૩ | સરદારપટેલ રોડ | સતવાદ કોમ્પ્લેક્ષ, સરદાર પટેલ સ્ટેડિયમ રોડ, નારણપુરા અમદાવાદ-૧૩ |
| ૨૪ | સત્તાધાર સોલા રોડ | સત્યસુર્યા કોમ્પ્લેક્ષ, એ-બ્લોક,સત્તાધાર સોલા રોડ, અમદાવાદ-૬૧ |
| ૨૫ | સેટેલાઇટ | શોપ નં.૬ અને ૭, સિદ્ધિવિનાયક કોમ્પ્લેક્ષ,શિવરંજની ચાર રસ્તા,સેટેલાઇટ.અમદાવાદ-૧૫ |
| ૨૬ | શાહીબાગ | ગ્રાઉન્ડ ફ્લોર, શોપ નં.જી-૧૨+૧૩,એડવાન્સ બિઝનેસ પાર્ક, અક્ષરપુરુષોત્તમ મંદિર સામે,શાહીબાગ રોડ,અમદાવાદ. |
| ૨૭ | શ્યામલ ક્રોસ રોડ | શાંગ્રીલા આર્કેડ,શ્યામલ ચાર રસ્તા પાસે,સેટેલાઇટ,અમદાવાદ-૧૫ |
| ૨૮ | સુમેલ | બ્લોક-એ, ગ્રાઉન્ડ ફ્લોર,સુમેલ બિઝનેસ પાર્ક-૩,રાયપુર.અમદાવાદ-૨ |
| ૨૯ | વસ્ત્રાપુર | ગ્રાઉન્ડ ફ્લોર, શોપ નં.૪ અને ફસ્ટ ફ્લોર ,શોપ નં.૧૦૪, અભિ શ્રી એડ્રોઇટ, માનસી ચાર રસ્તા, વસ્ત્રાપુર |
| ૩૦ | વટવા | ૧૦-૧૨, કર્ણાવતી ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ-૨૦૨,જીઆઇડીસી ફેઝ-૪,રામોલ ક્રોસ રોડ, વટવા. અમદાવાદ-૪૫ |
| ૩૧ | વટવા જીઆઇ ડીસી ફેઝ-૧ | પ્લોટ નં-૮૩/૯, જીઆઇડીસી,વટવા ફેઝ-૧,એસએસ એલોઇઝ પાસે,વટવા.અમદાવાદ-૪૫ |
| ૩૨ | ગાંધીનગર | પ્લોટ નં-૩૧૯,સે - ૧૬,ઘ રોડ,ગાંધીનગર |
| ૩૩ | બાવળા | ૧૧-૧૫, ગ્રાઉન્ડ ફ્લોર,સિલ્વર પ્લાઝા, નયા બજાર,બાવળા-૩૮૨૨૦ |

# અરજી પત્રક મેળવવાના તથા પરત જમા કરાવવાના સ્થળોની યાદી

| અ.નં. | બ્રાન્ચનું નામ | આઈસીઆઈસીઆઈ બેંકની શાખાઓ |
|---|---|---|
| ૧ | જ.અમ.સી.હાઉસ | આઈસીઆઈસીઆઈબેંક લી, જે.એમ.સી.હાઉસ,પરિમલ ગાર્ડન સામે,આંબાવાડી,અમદાવાદ |
| ૨ | સ્ટેડિયમ સર્કલ | આઈસીઆઈસીઆઈબેંક લી,૨/૧, ગ્રાઉન્ડફ્લોર,પોપ્યુલરહાઉસ,આશ્રમ રોડ,અમદાવાદ |
| ૩ | નારણપુરા | આઈસીઆઈસીઆઈબેંક લી, ગ્રાઉન્ડફ્લોર,સ્થાપના કોમ્પ્લેક્ષ, જી.એચ.બી.કોપ્લેક્ષ સામે,અંકુરરોડ,નારણપુરા,અમદાવાદ |
| ૪ | મેમનગર | ૬/બી,જી.સી.પી.બિઝનેશ સેન્ટર, મેમનગર ફાયરસ્ટેશનની સામે,વિજય ચાર રસ્તા પાસે,મેમનગર, અમદાવાદ |
| ૫ | પાલડી | આઈસીઆઈસીઆઈબેંક લી,શોપ નં.૧,ભીખુભાઇ ચેમ્બર્સ,૧૮,ગાંધીકુંજ સોસાયટી,કોચરબ આશ્રમ,પાલડી,અમદાવાદ. |
| ૬ | અખબારનગર | આઈસીઆઈસીઆઈબેંક લી, ગ્રાઉન્ડફ્લોર, વિશ્વા આર્કેડ,નવા વાડજ,અખબારનગર, અમદાવાદ. |
| ૭ | ડ્રાઈવઇનસિનેમા | આઈસીઆઈસીઆઈબેંક લી, શિલ્પ સ્ક્વેર,હિમાલયા મોલ સામે,ડ્રાઈવઇન રોડ, અમદાવાદ. |
| ૮ | થલતેજ | આઈસીઆઈસીઆઈબેંક લી,શોપ નં.૪-૭,એ.એમ.પી.એમ.મોલ,સતાધાર ચાર રસ્તા,થલતેજ,અમદાવાદ |
| ૯ | ચાંદલોડિયા | આઈસીઆઈસીઆઈબેંક લી,શોપ નં.૨,૩ અને ૪,સિલ્વર સ્ટાર કોમ્પ્લેક્ષ,ગોતા-ચાંદલોડિયારોડ,ચાંદલોડિયા,અમદાવાદ |
| ૧૦ | બોડકદેવ | આઈસીઆઈસીઆઈબેંક લી,શોપ નં.૩,ન્યુકદમ ક્મ્પ્લેક્ષ,રાજવંશ ટાવરપાસે,આઇઓસી પેટ્રોલ પંપ પાસે, બોડકદેવ,અમદાવાદ |
| ૧૧ | ઘાટલોડિયા | આઈસીઆઈસીઆઈબેંક લી, ઐશ્વર્યા કોમ્પ્લેક્ષ,યશકુંજ સોસા.પ્રભાતચોક,ઘાટલોડિયા,અમદાવાદ |
| ૧૨ | વસ્ત્રાપુર | આઈસીઆઈસીઆઈબેંક લી, શોપ નં.૧ ગ્રાઉન્ડફ્લોર,હોટલ શાહિપેલેસ,આઇએમ કોમ્પ્લેક્ષ,વસ્ત્રાપુર,અમદાવાદ. |
| ૧૩ | સુભાષચોક | શોપ નં-૧,(૧ થી ૧૭),ગ્રાઉન્ડ ફ્લોર,એટલાન્ટીસ એન્કલેવ,સુભાષચોક પાસે,મેમનગર ,અમદાવાદ |
| ૧૪ | શાહીબાગ | આઈસીઆઈસીઆઈબેંક લી,સુવાસ કોમ્પ્લેક્ષ ગ્રાઉન્ડફ્લોર,રાજસ્થાન હોસ્પિટલની સામે,શાહીબાગ,અમદાવાદ |
| ૧૫ | રીલીફરોડ | આઈસીઆઈસીઆઈબેંક લી,નારાયણભવન,ભગવતી એમ્પોરિયમ પાસે,ઘી કાંટા ચાર રસ્તા,રીલીફ રોડ,અમદાવાદ |
| ૧૬ | ગાંધીરોડ | આઈસીઆઈસીઆઈબેંક લી ૧૭૬૦,સારસ્વત સદન,બાલાહનુમાન મંદિર પાસે,ગાંધીરોડ,અમદાવાદ |
| ૧૭ | ઉસ્માનપુરા | આઈસીઆઈસીઆઈબેંક લી.પહેલાં માળ,અનુશ્રી કોમ્પ્લેક્ષ,હોટલ ફોર્ચ્યુનલેન્ડમાર્ક પાસે,ઉસ્માનપુરા,અમદાવાદ |
| ૧૮ | નરોડા | આઈસીઆઈસીઆઈબેંક લી,ગ્રાઉન્ડ ફ્લોર,શોપ નં.આએ૧૨ ૪૧ થી ૪૫ ગેલેક્ષી એવન્યુ,ગેલેક્ષી ટોકીઝ,નરોડા,અમદાવાદ |
| ૧૯ | મણીનગર | આઈસીઆઈસીઆઈબેંક લી,શુકનપ્લાઝા,રામબાગ,એલ.જી.કોર્નર,મણીનગર,અમદાવાદ |
| ૨૦ | ન્યુ ક્લોથ માર્કેટ | શોપ નં.બી/૧૦૫ થી બી/૧૧૧, બી વિંગ,ઘંટાકર્ણ મહાવીર માર્કેટ,ન્યુ ક્લોથ માર્કેટ પાસે,રાયપુર,અમદાવાદ |
| ૨૧ | રેલ્વેપુરા | આઈસીઆઈસીઆઈબેંક લી,કપાસિયા બજાર,કાલુપુર રેલ્વે સ્ટેશન પાસે,રેલ્વે પુરા,અમદાવાદ |
| ૨૨ | વટવા | શોપ નં.૪૪-૪૭, પુષ્કર ઇન્ડ.એસ્ટેટ,રાયફલ ક્લબ સામે,ફેઝ-૧, જી.આઇ.ડી.સી.વટવા, અમદાવાદ |
| ૨૩ | ઘોડાસર | આઈસીઆઈસીઆઈબેંક લી, ગ્રાઉન્ડ ફ્લોર,રાધેક્રિષ્નાઆર્કેડ,વૈભવહોલ પાસે,ઇસનપુર-ઘોડાસર હાઇવે,ઘોડાસર,અમદાવાદ |
| ૨૪ | સી.ટી.એમ | આઈસીઆઈસીઆઈબેંક લી,એબીસી કોમ્પ્લેક્ષ,એસ્પાયર બિઝનેસ સેન્ટર,બીઆરટીએસ બસસ્ટેન્ડ,સીટીએમ,અમદાવાદ |
| ૨૫ | રખીયાલ | આઈસીઆઈસીઆઈબેંક લી,સુમેલ-૭,રખીયાલ,સોનીની ચાલ,અમદાવાદ |
| ૨૬ | સેટેલાઇટ એરિયા | આઈસીઆઈસીઆઈબેંક લી,શિવાલિક-૨,૧૩૨ફૂટ રીંગ રોડ,જોધપુર ગામ,સેટેલાઇટ,અમદાવાદ |
| ૨૭ | એસ.જી.રોડ | આઈસીઆઈસીઆઈબેંક લી,સાર્થક-૨,ગ્રાઉન્ડ ફ્લોર,રાજપથ ક્લબ સામે,એસ.જી.રોડ,બોડકદેવ,અમદાવાદ |



NEW

# અરજી પત્રક મેળવવાના તથા પરત જમા કરાવવાના સ્થળોની યાદી

| | | |
|---|---|---|
| ૨૮ | ૧૦૦ ફિટ રોડ | ગ્રાઉન્ડ ફ્લોર શોપ નં.૬,૮, સફળ પેગાસસ,રિલાયન્સ પેટ્રોલ પંપ સામે,૧૦૦ ફૂટ રોડ,પ્રહલાદ નગર,અમદાવાદ |
| ૨૯ | પ્રેરણાતીર્થ | ગ્રાઉન્ડ ફ્લોર,સચેત-૫, પ્રેરણાતીર્થ દેરાસર થી આનંદનગર મેઈન રોડ , સેટેલાઇટ,જોધપુર ગામ,અમદાવાદ |
| ૩૦ | વાસણા | આઇસીઆઇસીઆઇબેંક,ગ્રાઉન્ડ ફ્લોર,હાશ બિઝનેશ સેન્ટર,અંકુર સ્કુલ પાસે, ફતેહપુરા,વાસણા,અમદાવાદ |
| ૩૧ | બાપુનગર | આઇસીઆઇસીઆઇબેંક લી,૩૬ થી ૪૪, સરદાર પટેલ મોલ,ડાયમંડ મીલરોડ,ઠક્કરબાપા નગર,બાપુનગર,અમદાવાદ |
| ૩૨ | ઓઢવ | આઇસીઆઇસીઆઇબેંક લી,ગ્રાઉન્ડ ફ્લોર,સિદ્ધિવિનાયક આર્કેડ,ઓઢવ કઠવાડા રિંગરોડ , લેન્ડમાર્ક બાર્સેલોના,અમદાવાદ |
| ૩૩ | સી.જી.રોડ | આઇસીઆઇસીઆઇબેંક લી.શોપ નં.૪,શુકન બિઝનેશસેન્ટર,ફેરડીલ હાઉસ,સ્વસ્તિક ચાર રસ્તા,સી.જી.રોડ,અમદાવાદ |
| ૩૪ | નિકોલ | આઇસીઆઇસીઆઇબેંક લી,ગ્રાઉન્ડ ફ્લોર-૩૮-૩૯,પ્લેટિનમ પ્લાઝા,કુંજ મોલ સામે,નિકોલ,અમદાવાદ |
| ૩૫ | બોપલ | આઇસીઆઇસીઆઇબેંક લી,ગ્રાઉન્ડ ફ્લોર,એક્ષીઓમ કોમ્પ્લેક્ષ,બોપલ,અમદાવાદ |
| ૩૬ | ન્યુ સી.જી.રોડ | આઇસીઆઇસીઆઇબેંક લી, ગ્રાઉન્ડ ફ્લોર,શિલ્પ એનેક્ષર,ન્યુ.સી.જી.રોડ,ચાંદખેડા,અમદાવાદ |
| ૩૭ | થલતેજ શિલજ | આઇસીઆઇસીઆઇબેંક લી, સિલ્વર સ્ક્વેર,શોપ નં.બી/૨,થલતેજ-શિલજ રોડ,થલતેજ,અમદાવાદ |
| ૩૮ | સાયન્સ સીટી | આઇસીઆઇસીઆઇબેંક લી, ગ્રાઉન્ડ ફ્લોર,શક્તિઆર્કેડ,સોલા સાયન્સ સીટીરોડ,સોલા,અમદાવાદ |
| ૩૯ | સાઉથબોપલ | આઇસીઆઇસીઆઇબેંક લી, શોપ નં.૬૪, બ્લોક-ડી, ગાલા જીમ ખાના રોડ,સફળ ગાલા એપાર્ટ,સાઉથ બોપલ, અમદાવાદ |
| ૪૦ | મોટેરા | આઇસીઆઇસીઆઇબેંક લી, શોપ નં.૮ થી ૧૧, મૈત્રી શિવગ્રીન્સ,મોટેરા,અમદાવાદ |
| ૪૧ | ઇસ્કોનક્રોસ રોડ | આઇસીઆઇસીઆઇબેંક લી,સાર્થિક કોમ્પ્લેક્ષ,ઇસ્કોનસર્કલ,સેટેલાઇટરોડ,અમદાવાદ |



NEW

# અરજીપત્રક ભરવાની માર્ગદર્શિકા

(૧) કોરાં અરજી પત્રક કોટક મહિન્દ્રા બેંક અથવા આઇ.સી.આઇ.સી.આઇ. બેંકની આ સાથે જણાવેલ શાખાઓ પરથી બેંકોના ચાલુ દિવસોએ બેંકના કામકાજનાં કલાકો દરમ્યાન મેળવી શકાશે. અમ.મ્યુનિ. કોર્પોરેશનની અન્ય કોઇપણ કચેરીએથી અરજી પત્રક મળશે નહિ.

(૨) અરજીપત્રક તથા માહિતી પત્રિકાનો સંપૂર્ણ અભ્યાસ કરી ભરેલ અરજી પત્રક તથા તે સાથે ભરવાની રકમ ડી.ડી./પે ઓર્ડરથી મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ ના નામનો ડી.ડી./પે આર્ડર ઉપર જણાવેલ સ્થળોએ ચાલુ કામકાજના દિવસે નિયત સમયે ભરવાના રહેશે.

(૩) આ ફોર્મમાં જણાવેલ કોઇપણ માહિતી ખોટી સાબિત થશે તો મકાનની ફાળવણી રદ કરવામાં આવશે. અને ભરેલી પૂરેપૂરી રકમ અમ. મ્યુનિ. કોર્પોરેશન દ્વારા જપ્ત કરવામાં આવશે તેમજ અરજદાર સામે અમ.મ્યુનિ. કોર્પોરેશન દ્વારા ફોજદારી સહિતના પગલાં ભરવામાં આવશે.

(૪) અરજદાર “ડ્રો” માં સફળ થાય તેથી મકાન ફાળવણી અંગે તેમનો હક્ક થતો નથી પરંતુ અમ.મ્યુ.કોર્પોરશેનના આ અંગેના નિયમોનુસાર અધિકૃત હશે અને જરૂરી રકમો આપેલ સમય મર્યાદામાં ભરેલ હશે તો જ તેઓની અરજી મકાન ફાળવણી માટે વિચારવામાં આવશે.

(૫) ભરેલ અરજી ફોર્મ કોટક મહિન્દ્રા બેંક અથવા આઇ.સી.આઇ.સી.આઇ.બેંકની આ સાથે સામેલ લીસ્ટ મુજબની શાખાઓમાં કામકાજના સમય દરમ્યાન સ્વીકારવામાં આવશે. ટપાલ દ્વારા અરજી સ્વીકારવામાં આવશે નહિ.

(૬) અરજદારે અરજીપત્રકમાં જણાવેલ પ્રથમ ક્રમાંકવાળા મોબાઇલ નંબર ઉપર “ડ્રો” અંગેની જાણકારી એસ.એમ.એસ. થી મોકલવામાં આવશે.

(૭) અરજીપત્રક મેળવીને તેને પરત કરવાની તા. ૦૫-૦૫-૨૦૨૧ રહેશે. આ તારીખના જે તે બેંકના ઓફીસ અવર્સ દરમ્યાન જ ફોર્મ સ્વીકારવામાં આવશે. ત્યારબાદ કોઇપણ અરજીપત્રક કે વિનંતી પત્ર સ્વીકારવામાં આવશે નહી.

## યોજનાની વિગતો તથા શરતો

૧) અરજદારે અરજી ફોર્મ સાથે ડીપોઝીટની રકમ રૂા.૨૦,૦૦૦/- (રૂપીયા વીસ હજાર પૂરા) ભરવાના રહેશે.

૨) મકાનની કુલ કિંમતના ઓછામાં ઓછા ૨૦% રકમ (અરજી સાથે ભરપાઇ કરેલ ડીપોઝીટ બાદ કરતાં બાકીની રકમ) “ડ્રો” માં સફળ થયા બાદ અમ.મ્યુનિ.કોર્પોરેશન જણાવે ત્યારે અરજદારે ત્રણ માસમાં અચૂકપણે ભરવાની રહેશે.ત્યારબાદ બાકી રહેતી ૮૦% રકમ મકાનનું પઝેશન મેળવતા પહેલાં અમ.મ્યુનિ.કોર્પોરેશનમાં જમા કરાવવાના રહેશે. જેની સાથે મેન્ટેનન્સ ડીપોઝીટ તથા અન્ય ચાર્જીસ પણ ભરપાઇ કરવાના રહેશે. અરજદાર દ્વારા ૨૦% રકમ જે બેંકમાં ભરેલ હોય તે જ બેંકમાં બાકીના ૮૦% રકમ ભરવાની રહેશે.

૩) આવાસ યોજનાનું બાંધકામ પૂર્ણ થયા બાદ મકાનની નક્કી થયેલ પૂરેપૂરી કિંમત ભરપાઇ થયા બાદ જ દસ્તાવેજી પ્રક્રિયા પૂર્ણ થયેથી અરજદારને તેમને ફાળવવામાં આવેલ મકાનનો કબજો સોંપવામાં આવશે.

૪) કુટુંબના તમામ સભ્યોની મળીને કુટુંબની કુલ વાર્ષિક આવક રૂા.૩,૦૦,૦૦૦/- થી વધુ અને રૂા.૬,૦૦,૦૦૦ થી ઓછી હોવી જોઇએ. આ યોજના માટે જયાં જયાં કુટુંબનો ઉલ્લેખ કરાયેલ છે. ત્યાં કુટુંબ એટલે પોતે,પોતાની પત્ની/પતિ, તથા તેમના અપરણીત બાળકો. કુટુંબનો પુખ્ત વયનો સભ્ય ભારતદેશમાં પાકુ મકાન કે જમીનનો પ્લોટ ન ધરાવતો હોય તો તેનો વૈવાહિક દરજ્જો ધ્યાને લીધા વગર PMAY યોજના હેઠળ આવાસ મેળવવા હકદાર છે.

૫) અરજી પત્રક ઉપર ફોટો સ્ટેપલ કરવો નહી. ફોટો માત્ર ગુંદર કે તેવા એડહેસીવ મટીરીયલથી વ્યવસ્થિત રીતે ચોંટાડેલ હોવો જોઇએ.

૬) વિનિમયો મુજબ આરક્ષિત કેટેગરી માટે મકાનો ફાળવવા નીચે મુજબ આરક્ષણ ફાળવવામાં આવેલ છે. કેટેગરી અંગેનું પ્રમાણપત્ર અમ.મ્યુનિ.કોર્પોરેશનમાં મંગાવે ત્યારે મૂળ સ્વરૂપે (અસલ) રજૂ કરવાનું રહેશે.

| જૂથ | ટકાવારી | પ્રમાણપત્ર |
|---|---|---|
| ડીફેન્સ | ૧૦% | સેક્રેટરી,જીલ્લા સૈનિક બોર્ડ/જીલ્લા સૈનિક કલ્યાણ કચેરી/જીલ્લા સૈનિક કલ્યાણ અને પુર્નવસવાટ દ્વારા અપાયેલુ પ્રમાણપત્ર |
| અનુસૂચિત જાતિ | ૭% | નિયત થતાં ગુજરાત રાજયના સરકારી અધિકારીશ્રી દ્વારા અપાયેલ પ્રમાણપત્ર |
| અનુસૂચિત જનજાતિ | ૧૪% | |
| સામાજિક અને આર્થિક રીતે પછાત (બક્ષી પંચ) | ૧૦% | |
| અંધજન/અપંગ,અંધજનને અગ્રીમતા રહેશે. | ૩% | સિવિલ સર્જન દ્વારા અપાયેલ પ્રમાણપત્ર |

# યોજનાની વિગતો તથા શરતો

૭) આરક્ષણ કેટેગરીમાં સમાવિષ્ટ અરજદારે પોતાની જાતિ અંગેની સાચી વિગત કાળજીપૂર્વક ભરવી. ખોટી કેટેગરી દર્શાવીને અરજી કરનારનું ફોર્મ આપો આપ રદ્દ થયેલું ગણાશે. ખોટી કેટેગરી બતાવીને જે - તે કેટેગરીનો લાભ લેવો તે ફોજદારી ગુનો બને છે.

૮) અરજદાર પતિ-પત્ની અલગ-અલગ જાતિના હોય તેવા કેસમાં જેના નામે અરજી કરવામાં આવેલ હશે તેની જ જાતિ અંગેનો પૂરાવો માન્ય રાખવામાં આવશે.

૯) આરક્ષણ કેટેગરીમાં જાતિ આરક્ષણ મેળવવા માટે ગુજરાત રાજય સિવાય બહારના રાજયનું જાતિ પ્રમાણપત્ર માન્ય રાખી શકાતું નથી. આવા અરજદારોએ તેમના ગુજરાતમાં થયેલા અધિકૃત વસવાટના સમયગાળાને ધ્યાનમાં લઇ તેઓ તે સમયગાળા મુજબ જાતિ પ્રમાણપત્ર મેળવવાની યોગ્યતા ધરાવતા હોય તો ગુજરાત રાજયનાં સંબંધિત સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર મેળવી લેવાનું રહેશે. તેથી,જો તેવું પ્રમાણપત્ર રજૂ કરવામાં નહિં આવે તો અરજી/ફાળવણી રદ કરવામાં આવશે.

૧૦) આરક્ષિત કેટેગરીમાં પૂરતી અરજી ન આવે તો તેના કવોટા અન્ય આરક્ષિત કેટેગરીમાં તબદીલ થશે અને તેમાં પણ અરજીઓ ન આવે તો તેવો ખાલી રહેતા કવોટા જનરલ કેટેગરીમાં તબદીલ કરાશે. આ બાબતે અમ.મ્યુનિ. કોર્પોરેશનનો નિર્ણય આખરી ગણાશે.

૧૧) મકાનોની ફાળવણી “કોમ્પ્યુટર - ડ્રો” થી કરવામાં આવશે. “ડ્રો” ના અંતે મકાનની ફાળવણી ન થયેલ હોય તેવી અરજીઓ સાથે આપવામાં આવેલ ડીપોઝીટની રકમ અરજદારે સૂચવેલ બેંક ખાતામાં વિના વ્યાજે જમા આપવામાં આવશે.

૧૨) લોન અપાવવા અંગેની કોઇ જ જવાબદારી અમ.મ્યુનિ.કોર્પોરેશનની રહેશે નહિં.અત્રેથી એમપેનલ કરવામાં આવનાર બેંકો પાસેથી લોન મેળવતી વખતે ટ્રાઇપાર્ટી એગ્રીમેન્ટ કરવાનો રહેશે. આ સિવાયની બેંકો પાસથી લોન મેળવવા જરૂરી પુરાવા અમ.મ્યુનિ.કોર્પોરેશન તરફથી અરજદારની માંગણીના અનુસંધાને નિયત ચાર્જ લઇને પૂરા પાડવામાં આવશે. લોનનાં તમામ કેસોમાં લોન મેળવવા માટે થતો તમામ ખર્ચ અરજદારે ભોગવવાનો રહેશે.

૧૩) અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નિમણુંક કરવામાં આવેલ એન.જી.ઓ. મારફતે આ યોજનાનો લાભાર્થીઓ દ્વારા ફરજીયાત પણે એસોસીએશન રચવાનું રહેશે. અ.મ્યુ.કોર્પો. જણાવે ત્યારે સઘળી આંતરિક સુવિધાઓ જેવી કે પાણી પુરવઠો,ગટર,સ્ટ્રીટલાઇટ,રસ્તા,લીફટ વિગેરે સુવિધાઓ તેમના એસોસીએશને સંભાળી લેવાની રહેશે.

૧૪) આ યોજનાના લાભાર્થીઓ દ્વારા એસોસીએશનના નામનું બેંકમાં ખાતું ખોલાવવાનું રહેશે. અમ.મ્યુનિ. કોર્પોરેશન દ્વારા મકાનની સાથે વસૂલવામાં આવેલ મેન્ટેનન્સ ડીપોઝીટની રકમ સામાન્ય સુવિધાઓ તબદીલ કરતી વેળાએ જ એસોસીએશનના બેંક ખાતે જમા કરાવવામાં આવશે.જે રકમમાંથી સમગ્ર વસાહતની સામાન્ય સુવિધાઓ મરામત/નિભાવની જરૂરી વ્યવસ્થા જે-તે એસોસીએશન દ્વારા જ કરવાની રહેશે.

૧૫) તમામ લાભાર્થીઓએ અનુક્રમ નંબર ૬ અને ૭ માં આધાર કાર્ડની વિગત ભરવી ફરજીયાત રહેશે.

૧૬) અમ.મ્યુનિ.કોર્પોરેશન ની જમીન ઉપર ખૂબ જ રાહતદરે આ આવાસ યોજના હાથ ધરવામાં આવેલી હોઇ ફાળવણીના સાત (૭) વર્ષ સુધી પોતાને ફાળવવામાં આવેલ મકાન અન્ય કોઇપણને તબદીલ કરી શકાશે નહિ તથા ભાડે આપી શકાશે નહિં.

૧૭) શરત ક્રમાંક ૪ થી વ્યાખ્યાયિત કરેલ કુટુંબના કોઇપણ સભ્યના નામે ભારત દેશમાં કોઇપણ સ્થળે તેમનું મકાન અથવા જમીનનો પ્લોટ હોવો જોઇએ નહી.આ મુદ્દે જો ખોટી રજુઆત કરાયેલી હોવાનું ધ્યાનમાં આવશે તો એલોટમેન્ટ રદ કરીને ભરેલ ડીપોઝીટની પૂરેપૂરી રકમ જપ્ત કરવામાં આવશે.

૧૮) અરજી કરવાની અંતિમ તારીખ સુધીમાં અરજદારની ઉંમર ૧૮ વર્ષ પૂર્ણ થયેલ હોવી જરૂરી છે. ઉંમર અંગે કોઇ મુદ્દો ઉપસ્થિત થાય ત્યારે શાળા છોડયાનું પ્રમાણપત્ર અથવા જન્મનો દાખલો પુરાવા રૂપે રજૂ કરવાનો રહેશે.

૧૯) વ્યકિતદીઠ એક જ ફોર્મ ભરી શકાશે. ફોર્મમાં પસંદગીના સ્થાન દર્શાવવાની જગ્યાએ જુઓ (ફોર્મનું ખાનું નં.૧૧) આપની પસંદગીની અગ્રિમતા અનુસારના ક્રમ દર્શાવવાના રહેશે. આ પસંદગીવાળી કોઇપણ જગ્યાએ કોઇ પણ માળે આવેલું કોઇ પણ આવાસ ફાળવવામાં આવશે તેને માન્ય રાખવાનું રહેશે.

૨૦) ફાળવવામાં આવેલ આવાસોનું લાભાર્થી દ્વારા પત્ની તથા પતિના સંયુકત નામે સ્ટેમ્પ ડયુટી રજીસ્ટ્રેશન (દસ્તાવેજ) કરાવવાનું રહેશે. જેનો ખર્ચ અરજદારે/લાભાર્થીએ ભોગવવાનો રહેશે.



NEW

# યોજનાની વિગતો તથા શરતો

૨૧) સંયુકત નામે અરજી કરી શકાશે નહી.કોઇપણ સંસ્થા/પેઢી/ટ્રસ્ટ/ HUF કે કંપનીના નામે પણ અરજી કરી શકાશે નહી. વ્યકિતદીઠ માત્ર ને માત્ર એક જ અરજી કરી શકાશે તથા એક કુટુંબ એક જ આવાસ મેળવવા હકદાર રહેશે.

૨૨) અરજદારે પસંદગીના જેટલા સ્થાનોની અગ્રીમતા દર્શાવેલ હશે તેના બદલે અન્ય સ્થાન પર ફાળવણી થયેલ હશે તો તેવા કેસમાં લાભાર્થી દ્વારા ફાળવણી રદ કરવા અરજી કરવામાં આવશે તો ભરેલ પૂરેપૂરાં નાણાં પરત કરવામાં આવશે.

૨૩) લાભાર્થીને વેઇટીંગવાળું એલોટમેન્ટ મળેલ હોય તે કેસમાં ફાળવણી કેન્સલ કરાવવા અરજી કરેથી ભરેલ ડીપોઝીટ પૂરેપૂરી પરત મળી શકશે.

૨૪) લાભાર્થીનું અવસાન થાય અને જો તેમના વારસદારો મકાન મેળવવા ઇચ્છે તો તેઓના કાયદેસરના (સીધી લીટીના) વારસદારોને ફાળવવામાં આવશે. આવા વારસદારના કેસમાં જે નવું કુટુંબ અસ્તિત્વમાં આવશે તેની આવકની મર્યાદા જળવાતી નહિ હોય તો પૂરેપૂરી રકમ પરત કરવામાં આવશે. ભરેલ ડીપોઝીટ પરત માંગવામાં આવશે તો સીધી લીટીના વારસદારોને ડીપોઝીટ પરત કરવામાં આવશે.

૨૫) "ડ્રો" માં સફળ થયેલ અરજદાર જો ઉપરોકત ૨૨,૨૩ અને ૨૪ વાળા કારણો સિવાય ફાળવણી રદ્દ કરવા વિનંતી કરે તો આ ભરેલ ડીપોઝીટની ૫૦% રકમ જપ્ત કરી ૫૦% રકમ રીફંડ મળશે.

૨૬) અરજદારે અરજીપત્રકમાં સૂચવેલ કુલ-૭ (સાત) વિકલ્પો પૈકી ૧ (એક) ફોટો દર્શાવતા (પતિ તેમજ પત્નીના આધારકાર્ડની નકલ) અને ૨ (બીજું) રહેઠાણનું સરનામું દર્શાવતા એમ બંને અંગેના પૂરાવા માટેની પ્રમાણિત નકલ આપવી ફરજીયાત છે.

૨૭) અરજદારે આવક માટે પગાર સ્લીપ (સરકારી/અર્ધસરકારી), મામલતદારનું પ્રમાણપત્ર,રાજય સરકારનાં અધિકૃત અધિકારીશ્રીનું પ્રમાણપત્ર રજૂ કરવું ફરજીયાત છે.

૨૮) અરજદારે પસંદગીના જે વૈકલ્પિક સ્થાનો માટેની રજુઆત કરી છે તે સ્થાન ઉપર કોઇપણ માળે મકાન ફાળવવામાં આવશે. તે ફાળવાયેલ મકાન સિવાય અન્ય સ્થાને કે માળે ટ્રાન્સફર કરી આપવાની કોઇ માંગણી ગ્રાહય રાખવામાં આવશે નહી.

૨૯) મકાનનું પઝેશન સોંપી દીધા બાદ આંતરિક તેમજ બાહય દિવાલોમાં તેમજ સ્ટ્રકચરમાં કોઇપણ પ્રકારનો ફેરફાર કરવાનો રહેશે નહીં.

૩૦) આ યોજનામાં સંજોગોવશાત "ડ્રો" થયા પહેલા કે "ડ્રો" થયા બાદ જો પ્લાનીંગ,લોકેશન,પ્લોટ,ડીઝાઇન,મકાન/બ્લોક નંબરમાં ફેરફાર કરવા અથવા તેને મુલતવી રાખવાનો અમ.મ્યુનિ.કોર્પોરેશનને અબાધિત અધિકાર છે અને રહેશે.

૩૧) અરજદારે પોતાને લાગુ પડતી કેટેગરી નું જ ફોર્મ ભરવાનું રહેશે. તેની કેટેગરી સિવાયનાં ભરેલ ફોર્મ આપોઆપ રદ થવાને પાત્ર છે.

૩૨) અરજદારે કુટુંબના સભ્યોની વિગતમાં જેટલા સભ્યોના નામ હોય તે તમામના આધાર કાર્ડની નકલ ફરજીયાત સામેલ કરવાની રહેશે.

૩૩) કોઇપણ યોજનામાં પઝેશન આપવાની પ્રક્રિયા ચાલુ થયા બાદ વધુમાં વધુ છ માસ સુધીમાં લાભાર્થી દ્વારા સંપૂર્ણ નાણાં ભરેલ ન હોય તો ફાળવેલ આવાસ રદ થશે.(વેઇટીંગના લાભાર્થીઓને લાગુ પડતું નથી.)

૩૪) સદર યોજના અંતર્ગત કોઇ પણ વિસંગતતા ઉપસ્થિત થશે તો તે બાબતે મ્યુનિ.કમિશ્નરશ્રી અમદાવાદનો નિર્ણય આખરી રહેશે.



NEW



# યોજનાની મુખ્ય વિશેષતાઓ

- ❖ આકર્ષક એલીવેશન
- ❖ ભૂકંપ પ્રતિરોધક બાંધકામ
- ❖ ગ્રીન બિલ્ડિંગ કન્સેપ્ટથી બાંધકામ
- ❖ વિટ્રિફાઇડ ટાઇલ્સ ફલોરીંગ
- ❖ ગ્રેનાઇટ ટોપ કીચન પ્લેટફોર્મ
- ❖ પાવડર કોટેડ એલ્યુમીનીયમગ્લાસ સ્લાઇડીંગ વિન્ડોઝ
- ❖ મુખ્ય દરવાજો, બંને સાઇડ લેમીનેટ સીટનો ફલશ ડોર
- ❖ કેમ્પસમાં આર.સી.સી. રસ્તા
- ❖ પાર્કિંગમાં તેમજ તમામ જરૂરી જગ્યાએ પેવર બ્લોકનું પેવીંગ
- ❖ નિયમ મુજબ સ્ટાન્ડર્ડ કંપનીની લીફ્ટની સગવડ
- ❖ પરકોલેટિંગ વેલ

## અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

સરદાર પટેલ ભવન, દાણાપીઠ, અમદાવાદ - ૧

NEW